# 7 વર્ષની બાળા સાથે દુષ્કર્મ કરનારને ફાંસીની સજા

**જસદણના** આરકોટમાં બાળકી પર બળાત્કાર કરી ગુપ્તાંગમાં સળિયો નાંખી દીધો હતો

**દિલ્હીના** નિર્ભયાકાંડ જેવી ઘટનામાં સ્પેશિયલ કોર્ટનો ચુકાદો

ગાંધીનગર : જસદણના આટકોટના કાનપર ગામની સીમમાં ગતા તા.4થી ડિસે. 2025ના રોજ 6 વર્ષની માસૂમ બાળકી સાથે દિલ્હીના ‘નિર્ભયા કાંડ’ જેવી જ ઘટનાને અંજામ આપનાર આરોપી રેમસીંગ ડુડવાને રાજકોટની સ્પેશિયલ પોક્સો કોર્ટે ફાંસીની સજા ફટકારી છે. નરાધમ આરોપી રેમસીંગ તેરસીંગ ડુડવાએ કાનપર ગામે વાડી વિસ્તારમાં અન્ય બાળકો સાથે રમતી ૭ વર્ષની બાળકીને બાઇકમાં બેસાડી એક વૃક્ષ પાછળ લઈ જઈ પ્રથમ શરીર સંબંધ બાંધવા પ્રયત્ન કરેલો પણ બાળકી રાડો પાડવા લાગતા ક્રૂર બનેલા આરોપીએ લોખંડનો સળીયો બાળકીના ગુપ્તાંગમાં નાંખ્યો હતો, અને ત્યાંથી ભાગી ગયો હતો.

આરોપીને પકડી પોલીસે ઝડપી તપાસ કરી ૧૧ દિવસમાં સ્પે. કોર્ટ સમક્ષ ચાર્જશીટ કર્યું હતું. રાજકોટની સ્પે કોર્ટના જજ વી. એ. રાણા સમક્ષ રોજેરોજ કાનુની ખટલો ચાલ્યો હતો. આજે 33માં દિવસે આરોપીને સ્પે. કોર્ટ દ્વારા દોષિત ઠેરવવામાં આવ્યો હતો.સ્પે. જજ રાણાએ આખરી ચુકાદામાં સ્પષ્ટ નિરીક્ષણ કર્યુ હતું કે રાજકોટની સ્પેશિયલ કોર્ટે આ કેસને ‘રેયરેસ્ટ ઓફ રેર’ (અત્યંત દુર્લભ) ગણાવ્યો હતો. અદાલતે નોંધ્યું હતું કે માસૂમ બાળકી સાથે જે પ્રકારની ક્રૂરતા આચરવામાં આવી છે તે માફીને પાત્ર નથી.

સ્પે. કોર્ટ દ્વારા આરોપીને ફાંસીની સજા આપવાના ચુકાદા બાદ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ એક્સ પર પ્રતિક્રિયા આપતાં કહયું હતું કે ગુજરાત સરકારનો સ્પષ્ટ સંદેશ - અમારી દીકરીઓ પર હુમલો = જીવનનો અંત. નાયબ મુખ્યમંત્રી તથા ગૃહમંત્રી તરીકે હું સ્પષ્ટ કહું છું ગુજરાતમાં બાળકી અને મહિલાઓ સામેના ગુનાઓ માટે અમારી નીતિ એકદમ સ્પષ્ટ છે.

Zero Tolerance...આટકોટ પોક્સો કેસમાં FIRથી લઈને સજા સુધીનો સમગ્ર પ્રક્રિયા માત્ર 40 દિવસમાં પૂર્ણ થયો. આ બતાવે છે કે ગુજરાતમાં ગુનેગારને હવે વર્ષો સુધી ન્યાયથી બચવાની તક મળતી નથી.આ માત્ર એક કેસ નથી, આ એક કડક સંદેશ છે, દીકરીઓ પર હાથ ઉઠાવનાર માટે દયા નથી, માત્ર કડક સજા છે. આ સફળ કાર્યવાહી બદલ હું રાજકોટ ગ્રામ્ય પોલીસ, સરકારના વકીલો અને સમગ્ર ન્યાયિક તંત્રને હાર્દિક અભિનંદન પાઠવું છું. તેમની ઝડપ, નિષ્ઠા અને વ્યાવસાયિકતા કારણે એક નિર્દોષ દીકરીને સમયસર ન્યાય મળ્યો છે.ગુજરાત સરકાર દરેક દીકરીની સુરક્ષા માટે અડગ રીતે પ્રતિબદ્ધ છે.

# વૃદ્ધાએ ગાંજાની આવકને ઘડપણની લાઠી બનાવી!

**સચિન** GIDC પોલીસે 9.565 કિલો ગાંજા સાથે 67 વર્ષીય મહિલા પેડલરની ધરપકડ કરી

સુરતઃ ચોરી છૂપીથી ગાંજો લાવી સુરત શહેરમાં વેચાણ કરનાર એક વૃદ્ધ મહિલા પેડલરને ઝડપી લઈ પોલીસે 9.565 કિલોગ્રામ ગાંજો જપ્ત કર્યો છે, જેની અંદાજિત કિંમત રૂ.4.78 લાખ થાય છે.

સચિન GIDC પોલીસને બાતમી મળી હતી કે સચિન GIDC વિસ્તારમાં તલંગપુર રોડ પર શિવનગર-વિશાલનગરમાં પ્લોટ નં.49ના મકાનમાંથી એક શખ્સ માદક પદાર્થ ગાંજાનું વેચાણ કરે છે. પોલીસે દરોડો પાડી પ્લોટ નં.49માં રહેતા સોનાદેવી બસંત રામજી સિંગ (ઉંમર 67)ને ઝડપી પાડી તેના કબ્જામાંથી કુલ 9.565 કિલોગ્રામ વજનનો રૂ.4,78,250/-નો ગાંજો ઝડપી પાડ્યો હતો.

આરોપીનું મૂળ વતન બિહાર રાજ્યના સીતામઢી જિલ્લાના મેલારોડ વસાહત તરીકે બહાર આવ્યું છે. આરોપી લાંબા સમયથી સુરત શહેરમાં નાના-મોટા પેડલરો મારફતે ગાંજાનું વેચાણ કરતી હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. પોલીસ દ્વારા આરોપી વિરુદ્ધ એનડીપીએસ એક્ટ અંતર્ગત ગુનો નોંધાઈ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### પુત્ર-વહુના આકસ્મિક મોત બાદ પૌત્ર-પૌત્રીના પાલન માટે વૃદ્ધા ગાંજાના ધંધામાં ઉતરી

બિહારથી અંદાજે ૧૫ વર્ષ પહેલાં પતિ અને પરિવાર સાથે સુરત આવેલા સોનાદેવી અહીં મજૂરીકામ કરી જીવન ગુજારતા હતા. પતિ અને પુત્ર સચિન જીઆઈડીસીની મિલમાં મજૂરી કરતા હતા. દરમિયાન પુત્રના લગ્ન થયા, પરંતુ લગભગ ૧૦ વર્ષ પહેલાં સોનાદેવીના પતિનું અવસાન થયું હતું. ત્યારબાદ પુત્ર પરિવારનું પાલન કરતો હતો. લગ્નજીવન દરમિયાન પુત્રને બે સંતાન થયા હતા, પરંતુ આજથી ૬-૭ વર્ષ પહેલાં પુત્ર અને વહુનું આકસ્મિક મોત થતા પૌત્ર અને પૌત્રીની જવાબદારી સોનાદેવી પર આવી પડી હતી. જીવનનિર્વાહ માટે અન્ય કોઈ સાધન નહીં મળતા સોનાદેવીએ છેલ્લા પાંચ મહિનાથી ગાંજાનું વેચાણ શરૂ કર્યું હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.

**નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે**

# VNSGUના 11 કરોડથી વધુના પ્રકલ્પોનું ભૂમિપૂજન-લોકાર્પણ

**શિક્ષણની** સાથે પ્રેક્ટિકલ નોલેજથી યુવાનો સ્વવિકાસ સાધી પરિવાર અને દેશને આગળ લઈ જઈ શકે છે : નાયબ મુખ્યમંત્રી

સુરતઃ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના રૂ. 11 કરોડથી વધુના વિવિધ વિકાસ પ્રકલ્પોનું ભૂમિપૂજન અને લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

VNSGU કેમ્પસમાં કલ્પતરૂ આરોગ્ય ધન અને સેવા કેન્દ્ર, પુનઃનિર્મિત નર્મદ સ્મૃતિ ભવન તથા પુનઃનિર્મિત ડાઇનિંગ હોલનું લોકાર્પણ તેમજ યુટિલિટી ભવન, મ્યુઝિયમ અને સ્ટાર્ટઅપ ભવનનું ભૂમિપૂજન કરાયું હતું. VNSGUના કન્વેશન હોલમાં આયોજિત સમારોહમાં નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, શિક્ષણની સાથોસાથ જીવનમાં પ્રેક્ટિકલ નોલેજ અત્યંત જરૂરી છે. પ્રેક્ટિકલ જ્ઞાનથી યુવાનો સ્વવિકાસ સાધી પરિવાર અને દેશને આગળ લઈ જઈ શકે છે. જીવનમાં સપનાઓ સાકાર કરવા માટે આયોજનબદ્ધ મહેનત જરૂરી છે. યોગ્ય યોજના બનાવી પોતાના સપનાઓ પર સતત કાર્ય કરવું જોઈએ. મહેનત દ્વારા વ્યક્તિ પોતાનું, પરિવારનું અને દેશનું ભવિષ્ય ઉજ્જ્વળ બનાવી શકે છે. અહીં આરોગ્ય કેન્દ્રના નિર્માણને કારણે વિદ્યાર્થીઓને કેમ્પસમાં જ આરોગ્ય સેવા ઉપલબ્ધ બનશે. વધુમાં જણાવ્યું કે, સ્ટાર્ટઅપ ઇન્ડિયા, મેક ઇન ઇન્ડિયા જેવી યોજનાઓ યુવાનોને આત્મનિર્ભર બનવાની પ્રેરણા આપી રહી છે. આ પ્રસંગે યુનિવર્સિટીના કુલપતિ ડો. કે. એન. ચાવડા, કુલસચિવ ડો.રમેશદાન ગઢવી, વિદ્યાર્થીઓ, મહાનુભાવો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### કાર્યક્રમ તૂટેલી સીલિંગવાળા કન્વેન્શન હોલમાં કરાયો, સંઘવીએ કુલપતિને ટકોર કરી કહ્યું, ટૂંકમાં જ નવો બની જશે

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી જ્યારે કન્વેન્શન હોલમાં આવ્યા ત્યારે હોલની સિલીંગ તૂટેલી હાલતમાં હોવાથી કુલપતિને આ અંગે સૂચના આપી હતી અને ટકોર પણ કરી હતી. ત્યારબાદ પોતાના સંબોધનમાં પણ વિદ્યાર્થીઓને ચિંતા ન કરવા જણાવ્યું હતું.” હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, આજે જે હોલમાં આપણે બેઠા છીએ, હવે છેલ્લા છેલ્લા દિવસો છે. ખૂબ ઝડપથી આ હોલ નવો બનવાનો છે, એનું રીનોવેશન થવાનું છે. પછી મારા આ બધા જ વિદ્યાર્થી મિત્રોને આનાથી પણ વધારે સુવિધાઓ આ હોલની અંદર ભવિષ્યમાં મળવાની છે. મારા ખ્યાલથી એક-બે મહિનામાં કામ ચાલુ થઈ જશે હવે. 16 કરોડ રૂપિયાના ખર્ચે આ હોલને આખી વ્યવસ્થાઓ હજી સુદ્રઢ કરવાની વ્યવસ્થાઓ ચાલી રહી છે. એટલે ભવિષ્યમાં એ વ્યવસ્થાઓ પણ તમને ખૂબ સારી રીતે અહીંયા ઉપલબ્ધ થશે.

# ભારતના વિકાસ માટે NSS મહત્ત્વપૂર્ણ માધ્યમ

**ડો. જયરામ** ગામીતના માર્ગદર્શનમાં NSS પ્રોગ્રામ ઓફિસરોનું પ્રશિક્ષણ વર્ગ યોજાયો

સુરતઃ રાષ્ટ્રનિર્માણમાં યુવાનોની સક્રિય ભૂમિકા અનિવાર્ય હોવાનું જણાવી રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ રાજ્ય મંત્રી ડૉ. જયરામભાઈ ગામીતે કહ્યું કે, રાષ્ટ્રીય સેવા યોજના (NSS) વિદ્યાર્થીઓમાં શિસ્ત, સેવા અને રાષ્ટ્રપ્રેમના સંસ્કાર રોપી તેમને જવાબદાર નાગરિક બનાવે છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં NSS અંતર્ગત આયોજિત પ્રોગ્રામ ઓફિસરોના એક દિવસીય પ્રશિક્ષણ વર્ગ-૨૦૨૬ના અધ્યક્ષસ્થાનેથી તેઓ બોલી રહ્યા હતા.

ડૉ. ગામીતે જણાવ્યું હતું કે, રાજ્યની ૮૦ યુનિવર્સિટીઓ સાથે જોડાયેલા લગભગ બે લાખ NSS સ્વયંસેવકો વિવિધ સામાજિક અને રાષ્ટ્રીય કામગીરીમાં યોગદાન આપી રહ્યા છે. નર્મદ યુનિવર્સિટી સંલગ્ન ૩૦૦ જેટલી કોલેજોમાં NSS પ્રવૃત્તિઓ દ્વારા યુવાનોને સમાજ સાથે જોડવાનું કાર્ય થઈ રહ્યું છે. તેમણે ઉમેર્યું કે, વર્ગખંડની બહારનું અનુભવાત્મક શિક્ષણ વિદ્યાર્થીઓને આત્મનિર્ભર બનાવે છે.

NSS કેમ્પ દરમિયાન ગ્રામ્ય જીવનનો અનુભવ, શ્રમદાન અને સામૂહિક કાર્ય વિદ્યાર્થીઓમાં નેતૃત્વ, સહકાર અને સંવેદનશીલતાના ગુણો વિકસાવે છે, જે ભવિષ્યમાં તેમને જવાબદાર લોકપ્રતિનિધિ કે અધિકારી બનવામાં મદદરૂપ થાય છે. યુનિવર્સિટીના કુલપતિ ડૉ. કે.એન. ચાવડાએ જણાવ્યું કે, NSS વિદ્યાર્થીઓને વાણી, વર્તન અને વ્યવહાર દ્વારા સમાજનિર્માણ અને નેતૃત્વના પાઠ શીખવે છે. આવા પ્રશિક્ષણ કાર્યક્રમો દેશના વિકાસમાં યુવાનોને વધુ સજ્જ બનાવે છે. કાર્યક્રમમાં કુલસચિવ ડૉ. આર.સી. ગઢવીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. આ તકે NSS ગુજરાતના રિજીયોનલ ડિરેક્ટર ડૉ. કમલકુમાર કર, રાજ્ય સંયોજક નિરજ શિલાવત, NSS કો-ઓર્ડિનેટર શ્રીધર નિમાવત સહિત અનેક પ્રોગ્રામ ઓફિસરો ઉપસ્થિત રહ્યા હતા.

## કનકપુર અને ઉન વિસ્તારમાં 23 અને 24 જાન્યુ.એ પાણીકાપ

સુરતઃ સુરત મહાનગરપાલિકાના સાઉથ ઝોન-બી (કનકપુર) વિસ્તારમાં તા.23 અને 24મી જાન્યુઆરીએ પાણીકાપ રહેશે. હાઈડ્રોલિક વિભાગ દ્વારા ટાંકી ભરતી તથા ડિસ્ટ્રિબ્યુશન કરતી લાઈનને બાયપાસ કરવાની કામગીરી કરવાની હોય, તા.23 અને 24એ પાણી બંધ રખાશે. તા.23 જાન્યુઆરીએ સવારે 8 વાગ્યાથી કામ શરૂ થશે, જેને પરિણામે 23 જાન્યુઆરીના રોજ રાત્રે 8થી 12 કલાક સુધી ગભેણી રામેશ્વર ઈન્ડસ્ટ્રિઝની આજુબાજુના વિસ્તારોમાં પાણી પુરવઠો બંધ રહેશે. વધુમાં, આ કામગીરીની અસર બીજા દિવસે પણ ચાલુ રહેશે, જેમાં તા.24 જાન્યુઆરીએ સવારે 5થી 8 કલાક સુધી ઉન-પૂર્વ વિસ્તારના રાહતનગર, મગદુમ નગર અને તેની આસપાસના વિસ્તારોમાં પાણી આપી શકાશે નહીં. પાલિકા તંત્રએ સ્પષ્ટતા કરી છે કે કામ પૂર્ણ થયા બાદ 24 જાન્યુઆરીએ બાકીના વિસ્તારોમાં પુરવઠો રાબેતા મુજબ શરૂ કરાશે. શહેરીજનોને અગવડ ન પડે એ માટે અગાઉથી જરૂરી પાણીનો સંગ્રહ કરી લેવા અને તેનો કરકસરપૂર્વક ઉપયોગ કરવા વિનંતી કરવામાં આવી છે.

# સમગ્ર દેશમાં નકલી યુનિવર્સિટીની ભરમાર

**UGC** દ્વારા દર વર્ષે નકલી યુનિવર્સિટીઓની યાદી જાહેર કરાય છે

**આવી** CBSEની વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે મહત્ત્વની સૂચના

સુરતઃ આગામી શૈક્ષણિક સત્ર ૨૦૨૬-૨૭ માટે ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ થવાની સાથે જ નકલી અને બિનમાન્ય યુનિવર્સિટીઓ સામે વિદ્યાર્થીઓ અને વાલીઓને સાવચેત કરવા માટે સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) દ્વારા મહત્વપૂર્ણ સૂચના જાહેર કરવામાં આવી છે.

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC)ના સચિવ દ્વારા પાઠવવામાં આવેલા પત્રના સંદર્ભમાં CBSEએ પોતાના તમામ સંલગ્ન શાળાઓને આ અંગે માર્ગદર્શિકા આપીને જરૂરી પગલાં લેવા સૂચના આપી છે. UGCએ સ્પષ્ટ કર્યું છે કે તે દર વર્ષે તેમજ સમયાંતરે પોતાની સત્તાવાર વેબસાઇટ પર નકલી યુનિવર્સિટીઓ અને બિનમાન્ય સંસ્થાઓની યાદી જાહેર કરે છે.

આ યાદીનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ, વાલીઓ અને અન્ય હિતધારકોમાં જાગૃતિ લાવવાનો છે, જેથી કોઈપણ વિદ્યાર્થી અજાણતા સ્વ-ઘોષિત અને બિનમાન્ય સંસ્થામાં પ્રવેશ ન લઈ બેસે. UGCના જણાવ્યા મુજબ આવી સંસ્થાઓમાં લેવાયેલ પ્રવેશ વિદ્યાર્થીઓના શૈક્ષણિક તેમજ વ્યાવસાયિક ભવિષ્યને ગંભીર નુકસાન પહોંચાડી શકે છે.

### CBSEએ તમામ શાળાઓને કેટલીક સૂચનાઓનું કડક પાલન કરવા અપીલ કરી

શાળાઓએ ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ તેમજ તેમના વાલીઓ/અભિભાવકોને નકલી યુનિવર્સિટીઓના જોખમ અંગે માહિતગાર કરવા તેમજ યોગ્ય માર્ગદર્શન આપવું. વિદ્યાર્થીઓને સ્પષ્ટ રીતે સલાહ આપવી કે તેઓ કોઈપણ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ લેતા પહેલાં તેની માન્યતા UGCની સત્તાવાર વેબસાઇટ www.ugc.ac.in પર “HEIs”ટેબ હેઠળ ચકાસી લે. આ સૂચનાને શાળાના નોટિસ બોર્ડ, શાળાની વેબસાઇટ, પરિપત્રો તેમજ પેરન્ટ-ટીચર મીટિંગ (PTM) દરમિયાન વ્યાપક રીતે પ્રસારિત કરવા સૂચના આપવામાં આવી છે. વિદ્યાર્થીઓને માત્ર અને માત્ર UGC દ્વારા માન્ય ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ (HEIs) માં જ પ્રવેશ લેવા પ્રોત્સાહિત કરવાનું રહેશે.

# ગોડાદરાના ચકચારી ફાયરિંગ પ્રકરણમાં સૂત્રધાર ઝડપાયો

**સૂત્રધાર** વિરુદ્ધ અગાઉ હત્યા અને હત્યાની કોશિશના ગુના નોંધાઇ ચૂક્યા છે

**ઘરે** સર્ચમાં વધુ એક પિસ્તોલ અને જીવતા કારતૂસ મળ્યા

**પોલીસે** ઘટના સ્થળે રિ-કન્સ્ટ્રક્શન કરાવ્યું

**ડિલિવરી** બોયના ઘરેથી ‘મેઈડ ઈન USA’ લખેલી પિસ્તોલ મળતાં વધુ એક ગુનો દાખલ

સુરતઃ શહેરના ગોડાદરા વિસ્તારમાં આવેલી પ્રિયંકા સોસાયટી પાસે જૂની અદાવતની શંકામાં યુવક પર દેશી તમંચાથી ફાયરિંગ કરી જાનથી મારી નાંખવાનો પ્રયાસ કરનાર ટોળકીના મુખ્ય સૂત્રધારને પોલીસે વહેલી સવારે દબોચી લીધો છે.

પોલીસે પકડાયેલા આરોપીઓનાં રિમાન્ડ મેળવી તપાસ તેજ કરી છે, જેમાં સર્ચ દરમિયાન એક આરોપીના ઘરેથી વધુ એક વિદેશી બનાવટની પિસ્તોલ અને પાંચ જીવતા કારતૂસ મળી આવતાં વધુ એક ગુનો નોંધી પિસ્તોલ આપનારને પણ વોન્ટેડ જાહેર કર્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગત ૧૫મી જાન્યુઆરીના રોજ ચિરાગભાઈ ગજેન્દ્રભાઈ ગોડકિયા તેમના સાળા સુજલને લેવા ગોડાદરા આવ્યા હતા. કલાકુંજ સોસાયટી પાસેથી પસાર થતા હતા ત્યારે અચાનક ટર્ન મારતાં લક્કી નામના શખ્સે તેના સાગરીતો સાથે ધસી આવી ‘તુમ યે ગલી મેં ક્યું આયે હો? તું મુજે મારને આયા હૈ?’ કહી ઝઘડો કર્યો હતો. ઉશ્કેરાયેલા લક્કીએ પોતાની પાસે રહેલા તમંચાથી ચિરાગભાઈના પેટના ભાગે નજીકથી ફાયરિંગ કર્યું હતું.

ગંભીર રીતે ઘવાયેલા યુવકને સારવાર અર્થે ખસેડાયા બાદ પોલીસે ગણતરીના કલાકોમાં નિખિલ રાઠોડ, સાહિલ સાલુંકે, શિવો ડોઢરે, અજય સેજે અને વિકાસ વાનખેડે નામના શખ્સોને ઝડપી પાડ્યા હતા. પોલીસે પકડાયેલા પાંચ આરોપીને કોર્ટમાં રજૂ કરી ફાયરિંગ કરનાર મુખ્ય આરોપીને પકડવા અને હથિયારોના સ્ત્રોત જાણવા રિમાન્ડની માંગણી કરી હતી, જેને ગ્રાહ્ય રાખી કોર્ટે સોમવાર સુધીનાં રિમાન્ડ મંજૂર કર્યાં છે. દરમિયાન, પોલીસે નાસતા ફરતા સૂત્રધાર બાળ કિશોરને પણ શનિવારે વહેલી સવારે ઝડપી પાડ્યો હતો. બાળ કિશોર વિરુદ્ધ અગાઉ પણ ગોડાદરા પોલીસમાં હત્યા અને હત્યાની કોશિશના ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે.

તપાસના ભાગરૂપે પોલીસ શનિવારે આરોપીઓને સાથે રાખી ગોડાદરા ફાયરિંગના ઘટના સ્થળે પહોંચી હતી અને ગુનાનું રિ-કન્સ્ટ્રક્શન કરાવ્યું હતું. બાદ તમામ આરોપીઓના ઘરે સર્ચ હાથ ધરાયું હતું, જેમાં આરોપી અજય ઉર્ફે જુગલ સંજુ સેજે (ઉં.વ.૨૫) વ્યવસાયે ડિલિવરી બોય છે, તેના ઘરના હોલમાંથી એક શંકાસ્પદ પ્લાસ્ટિકની થેલી મળી આવી હતી.

### બીજી પિસ્તોલ મળતાં પોલીસ પણ ચોંકી ઊઠી

અજયના ઘરેથી મળેલી થેલીની તપાસ કરતાં તેમાંથી ૫,૦૦૦ની કિંમતની એક દેશી હાથ બનાવટની પિસ્તોલ (જેના પર મેઇડ ઇન યુએસએ લખેલું હતું) અને ૫૦૦ની કિંમતના પાંચ નંગ જીવતા કારતૂસ મળી આવ્યા હતા. પોલીસે આ હથિયાર કબજે કરી અજય વિરુદ્ધ આર્મ્સ એક્ટ હેઠળ વધુ એક ગુનો નોંધ્યો છે. આ હથિયાર આપનાર શખ્સને પણ પોલીસે વોન્ટેડ જાહેર કરી તેની શોધખોળ હાથ ધરી છે.

### અજયને કડોદરાનો કરણ પિસ્તોલ મૂકવા આપી ગયો હતો

પ્રાથમિક પૂછપરછમાં આરોપી અજયે કબૂલાત કરી હતી કે આ હથિયાર અને કારતૂસ તેને જોળવા (કડોદરા) ખાતે રહેતા કરણ ઉર્ફે મજનુ ઉર્ફે પચ્ચીસ સંજય શેટ્ટીએ રાખવા માટે આપ્યાં હતાં. આરોપી પાસે આ હથિયાર રાખવા માટેનું કોઈ કાયદેસરનું લાઇસન્સ મળી આવ્યું ન હતું. આ કેસની આગળની તપાસ પીએસઆઈ એમ.એસ.મેવાડા ચલાવી રહ્યા છે.

# રાધનપુરથી અપહરણ કરાયેલી સગીરને સુરત રેલવે પોલીસે શોધી કાઢી

**પરિવારે** અન્ય સાથે લગ્ન નક્કી કરતાં બંને જણા સુરત ભાગીને આવ્યા હતા

સુરતઃ મિશન સેફ સ્ટેશન અંતર્ગત સુરત રેલવે પોલીસની શી-ટીમે એક પ્રસંશનીય કામગીરી કરતા પાટણ જિલ્લાના રાધનપુર ખાતેથી અપહરણ થયેલી 16 વર્ષીય સગીરાને હેમખેમ શોધી કાઢી છે. પોલીસે અપહરણ કરનાર ૨૬ વર્ષીય યુવકની પણ ધરપકડ કરી રાધનપુર પોલીસને સોંપ્યો છે.

મળતી માહિતી મુજબ પાટણ જિલ્લાના રાધનપુર પોલીસ સ્ટેશનમાં ગત તા. 14/01/2026ના રોજ સગીરાના અપહરણ અંગે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ગત 15 જાન્યુઆરીના રોજ સુરત રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર 1 પર વેઈટિંગ રૂમ પાસે એક સગીરા અને એક યુવક શંકાસ્પદ હાલતમાં બેઠેલા જોવા મળ્યા હતા. દરમિયાન રેલવે પોલીસની શી-ટીમની પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે આરોપી 26 વર્ષીય ચેતન નરસિંહભાઈ પરમાર અને 16 વર્ષીય સગીરા બે વર્ષ પહેલા ઈન્સ્ટાગ્રામ દ્વારા એકબીજાના સંપર્કમાં આવ્યા હતા. તેઓના લગ્ન અન્ય જગ્યાએ નક્કી થતા તેઓ ઘરે કોઈને કહ્યા વગર ભાગી નીકળ્યા હતા. જેથી સુરત રેલવે પોલીસ સ્ટેશનના પી.આઈ. જે.બી. મીઠાપરાના માર્ગદર્શન હેઠળ વુમન એ.એસ.આઈ. મનિષા મધુકર અને તેમની ટીમે સતર્કતા દાખવી રાધનપુર પોલીસનો સંપર્ક કર્યો હતો. રાધનપુર પોલીસ સ્ટેશનના પી.એસ. આઈ. એચ.વી. ચૌધરી અને તેમની ટીમ સુરત દોડી આવી હતી, જ્યાં જરૂરી કાયદેસરની કાર્યવાહી બાદ બાળકી અને આરોપીનો કબજો તેમને સોંપવામાં આવ્યો હતો.

## ભરૂચના નવા ડેરાના દત્ત મંદિરના ઉપક્રમે તા.25મીએ વિવિધ કાર્યક્રમો થશે

સુરતઃ ભરૂચના નવા ડેરાના શ્રી દત્તોપાસક પરિવાર દત્ત મંદિરના ઉપક્રમે શ્રી રામ જાનકી આશ્રમ, ને.હા.નં.8 સર્કીટ હાઉસ નજીક ભરૂચ ખાતે અવધૂતિ આનંદ તા.25-1-26 સવારે 10 થી 11:30 શ્રી અંકુર જાદવ, કમલેશ પારેખ, રાગીણીબેન રાણા, જાગૃતિબેન દણાક, 11:30 થી 1. ભરતભાઈ રાવ, બપોરે 1. મહાપ્રસાદિ, 2:30 થી 3:30 ગૌરાંગભટ્ટ, જીગ્નેશ રાણા, કુ. અવધુતા ભટ્ટ (વલસાડ), 3:45 થી 7:15 શ્રી મુકુંદભટ્ટ, ભરતભાઈ મહંત, બીરજુભાઈ કંથારીયા ગીતાબેન કંથારીયા, નામદેવભાઈ કંથારીયા, દત્તરંગ મહંત રાત્રે 7:15 થી 8 પ.પૂ.શ્રી રંગ અવધૂત બાપજીને ત્યાં માં નર્મદાજીની આરતી, રાત્રે 8 મહાપ્રસાદીનો કાર્યક્રમ થશે. જેનો લાભ લેવા માટે જણાવાયું છે.

**ટ્રમ્પના ટેરિફના પાપે ડિસેમ્બરમાં ભારતથી અમેરિકાની નિકાસ અડધી થઇ ગઇ**

# 50 ટકા ટેરિફથી USમાં ભારતની હીરા ઝવેરાતની નિકાસ 44.42 ટકા ઘટી

**UAE,** બ્રિટન, ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ સહિતના દેશો સાથે થયેલા FTAને કારણે કુલ નિકાસ 20.75 બિલિયન ડોલર પર સ્થિર રહી: GJEPC

**યુએઈ** અને હોંગકોંગમાં મજબૂત વૃદ્ધિએ દબાણને સરભર કર્યું

સુરતઃ ડોનાલ્ડ ટ્રમ્પના 50% ટેરિફને લીધે અમેરિકામાં ભારતના હીરા અને ઝવેરાતની નિકાસમાં ઐતિહાસિક 44.42%નો ઘટાડો નોંધાયો છે. ફક્ત ડિસેમ્બરમાં અમેરિકામાં થતી નિકાસમાં 50.44%નો તીવ્ર ઘટાડો થયો છે, જો કે યુએઈ અને હોંગકોંગમાં મજબૂત વૃદ્ધિએ દબાણને સરભર કર્યું છે.

GJEPCના ચેરમેન કિરિટ ભણસાલીએ જણાવ્યું હતું કે, “યુએસ ભારત માટે નિકાસનું સૌથી મોટું બજાર છે અને આપણા રત્ન અને ઝવેરાતની નિકાસમાં લગભગ 30% હિસ્સો ધરાવે છે. નિકાસમાં તીવ્ર ઘટાડો ગંભીર ચિંતાનો વિષય છે. ટેરિફને લગતી લાંબા સમય સુધીની અનિશ્ચિતતા ભારતીય ઝવેરાતના નિકાસકારો માટે યુએસના બજારની લાંબા ગાળાની યોગ્યતા પર પ્રતિકૂળ અસર કરી શકે છે.

### ગોલ્ડ બારના ભાવમાં 52%નો વધારો, નિકાસની વોલ્યુમમાં ઘટાડો છતાં આવક વધી

સોનાની વધતી જતી કિંમતો અંગે GJEPCના ચેરમેન કિરીટ ભણસાલીએ જણાવ્યું હતું કે, “એપ્રિલ-ડિસેમ્બર 2025 દરમિયાન, સોનાની સાદી ઝવેરાતની નિકાસ 7.72% વધીને 3816.97 મિલિયન ડોલર થઈ હતી. અહીં એ નોંધવું મહત્વપૂર્ણ છે કે આ વધારો મોટાભાગે મૂલ્ય આધારિત હતો, કારણ કે ગયા વર્ષના સમાન સમયગાળાની તુલનામાં ગોલ્ડ બારના ભાવમાં 52%નો વધારો થયો હતો, જેના પરિણામે નિકાસના વોલ્યુમમાં ઘટાડો થયો હોવા છતાં નિકાસની આવકમાં વધારો થયો હતો.”

### એપ્રિલ-ડિસેમ્બર 2025 દરમિયાન કઈ પ્રોડક્ટની નિકાસ કેટલી રહી

» એપ્રિલ-ડિસેમ્બર 2025 દરમિયાન કટ અને પોલિશ્ડ હીરાની નિકાસ 8.99 બિલિયન ડોલર રહી છે, જે વાર્ષિક ધોરણે 7.85%નો ઘટાડો દર્શાવે છે, જેની પાછળના મુખ્ય કારણ ટેરિફ-સંબંધિત દબાણ અને યુએસની માગમાં ઘટાડો છે. » આ સમયગાળા દરમિયાન પ્લેઇન અને સ્ટડેડ જ્વેલરી સહિત કુલ સોનાના દાગીનાની નિકાસ વાર્ષિક ધોરણે 7.28% વધીને 8.67 બિલિયન ડોલર થઈ છે. જેમાં પ્લેઇન ગોલ્ડની જ્વેલરીની નિકાસ મૂલ્યમાં 7.72% વધી છે, જ્યારે સ્ટડેડ ગોલ્ડ જ્વેલરીની નિકાસમાં 6.93%નો વધારો થયો છે. » ચાંદીના દાગીનાની નિકાસ 44.36% વધીને 1.11 બિલિયન ડોલર થઈ છે. » પ્લેટિનમ જ્વેલરીની નિકાસ 49.16% વધીને 195.65 મિલિયન ડોલર થઈ છે, જેને વિશિષ્ટ બજારોમાં વધતી સ્વીકૃતિની મદદ મળી છે. » પોલિશ્ડ લેબ-ગ્રોન ડાયમંડની નિકાસ વાર્ષિક ધોરણે 10.28% ઘટીને 840.14 મિલિયન ડોલર થઈ છે. » આ સમયગાળા દરમિયાન રંગીન રત્નોની નિકાસ 294.52 મિલિયન ડોલર રહી છે, જે વાર્ષિક ધોરણે 3.16% ઓછી છે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### 94% ભેજથી...

કામકાજે નીકળતા વાહનચાલકોને સાવચેતીપૂર્વક વાહન ચલાવવું પડ્યું હતું. દિવસ દરમિયાન ભેજ અને તાપમાનના ફેરફાર બાદ સાંજ પડતા મહત્તમ તાપમાનમાં ઘટાડો થતાં શહેરમાં ફરી ઠંડક છવાઈ ગઈ હતી. સામાન્ય રીતે જાન્યુઆરી મહિનો ઠંડી માટે ઓળખાય છે અને હજી મહીનાનો અડધો સમય બાકી હોવાથી આવનારા દિવસોમાં પણ ઠંડીનો અનુભવ યથાવત રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. હવામાનના આ અચાનક ઉતાર-ચઢાવને કારણે નાગરિકોએ સાવચેતી રાખવાની જરૂર હોવાનું પણ નિષ્ણાતો સૂચવે છે.

### સુરતમાં ગાઢ...

આવતી બે ફ્લાઈટ, હૈદરાબાદથી સુરત આવતી એક ફ્લાઈટ તેમજ સુરતથી દુબઈ અને બેંગકોક જતી ફ્લાઈટો પણ અસરગ્રસ્ત થઈ હતી. મોટાભાગની ફ્લાઈટો અંદાજે એકથી બે કલાક જેટલી મોડી ઓપરેટ થવાની ફરજ પડી હતી, જેના કારણે મુસાફરોને ભારે અસુવિધા ભોગવવી પડી હતી.

એરપોર્ટ સૂત્રો મુજબ આજે વહેલી સવારે વિઝીબિલિટી ખૂબ જ ઘટી જતાં પાયલટોને લેન્ડિંગ અને ટેકઓફમાં મુશ્કેલી પડી હતી. સુરક્ષાના કારણોસર કેટલીક ફ્લાઈટોને રોકી રાખવામાં આવી અને કેટલીકનું શેડ્યૂલ બદલવું પડ્યું હતું. ફોગની સ્થિતિ જોતા એરપોર્ટ અધિકારીઓએ મુસાફરોને પોતાની ફ્લાઈટની સ્થિતિ અંગે એરલાઇન કંપની પાસેથી માહિતી મેળવીને એરપોર્ટ પર આવવાની સલાહ આપી હતી.

### ધુમ્મસને લીધે...

16.17 વાગ્યે ઓપરેટ થઈ.

- ઈન્ડિગોની દિલ્હી-સુરત બીજી ફ્લાઈટ 08.00ના બદલે 10.30 કલાકે આવી.
- એર ઇન્ડિયા એક્સપ્રેસની સુરત-દુબઈ ફ્લાઈટ એક કલાક મોડી ટેકઓફ થઈ.
- ઈન્ડિગોની હૈદરાબાદ-સુરત ફ્લાઈટ 07.50ના બદલે 09.46 કલાકે ઓપરેટ થઈ.

### ખાડીપૂર રોકવા...

અને મહાનગર પાલિકા કમિશનરની દેખરેખમાં દબાણો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરાઈ હતી. પરંતુ ચોમાસાની વિદાય બાદ ફરી સ્થિતિ જ્યાની ત્યાં હોવાનું જોવા મળી રહ્યું છે. આથી પ્રશ્ન થાય છે કે તંત્ર દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી માત્ર દેખાવ પૂરતી હતી કે કેમ? ધારાસભ્ય મનુભાઈ પટેલે ખાડીથી નિયત કરેલા મીટર અંતર સુધી કોઈ પણ પ્રકારના બાંધકામને મંજૂરી ન આપવામાં આવે તેવી રજૂઆત કરી હતી. આ સાથે જ ગેરકાયદે દબાણો તાત્કાલિક દૂર કરવા માટે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી હતી. આ સંદર્ભે જિલ્લા કલેક્ટર ડો.સૌરભ પારઘીએ જી.આઈ.ડી.સી.ના અધિકારીને તાકીદે કાર્યવાહી કરવા સૂચના આપતાં જણાવ્યું હતું કે ખાડી પરના દબાણો દૂર કરવામાં કોઈ ઢીલાશ ચલાવી લેવામાં આવશે નહીં.

### સુરત રેલવે...

અથવા ટેકનિકલ ખામીના નામે મશીન બંધ રાખવામાં આવે છે. આ પ્રકારની બેદરકારી આતંકી તત્વો કે અસામાજિક તત્વો માટે ખુલ્લું મેદાન પૂરું પાડી શકે છે.રેલવે પ્રશાસન અને સુરક્ષા દળોએ આ બાબતે તાત્કાલિક જાગીને બંધ પડેલા સુરક્ષા ઉપકરણો કાર્યરત કરવા જોઈએ અને મુસાફરોની સુરક્ષા સુનિશ્ચિત કરવી જોઈએ તેવી લોક માંગ ઉઠી છે.

### કાપોદ્રાના કારખાનામાં...

રહ્યું હતું ત્યારે અચાનક સરણ ફાટતા નબીનના છાતીના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી, જેના કારણે તે સ્થળ પર જ બેભાન થઈ ગયો હતો. નબીનને તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો, પરંતુ ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

આ ઘટનામાં નબીન સાથે કામ કરી રહેલા બે અન્ય કર્મચારીઓને સામાન્ય ઈજાઓ પહોંચી હોવાનું જાણવા મળ્યું છે. મૃતક નબીનના પિતા પણ હીરા ઉદ્યોગ સાથે જોડાયેલા હોવાને કારણે પરિવાર માટે આ ઘટનાએ અપરિમિત દુઃખ લાદ્યું છે. યુવાન વયે કમાઉ દીકરાનું અચાનક મોત થતાં પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો છે. ઘટનાની જાણ થતાં કાપોદ્રા પોલીસે મામલો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### કારખાનામાં સુરક્ષાના સાધનોનો અભાવ, પરિજનોએ ન્યાયની માંગ કરી

ઘટનાની જાણ થતા જ મૃતક નબીનના પરિવારજનો અને અન્ય રત્નકલાકારો મોટી સંખ્યામાં સ્મિમેર હોસ્પિટલ ખાતે ઉમટી પડ્યા હતા. પરિવાર દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે કે, કારખાનામાં સુરક્ષાના સાધનોનો અભાવ હતો. દુર્ઘટના બાદ કારખાના માલિક દ્વારા સંતોષકારક જવાબ આપવામાં આવ્યો નથી.પરિવારજનોએ યોગ્ય ન્યાય અને વળતરની માંગ સાથે લાશ સ્વીકારવાનો ઇનકાર કર્યો હતો. બાદમાં પોલીસે કાર્યવાહીની હૈયાધરપ આપતા પરિવારે મૃતદેહ સ્વીકારી લીધો હતો.

## ભાવનગર એક્સપ્રેસમાંથી 18.28 લાખનો ગાંજો ઝડપાયો

સુરતઃ ગુજરાત રાજ્યમાં નશાકારક પદાર્થોની હેરાફેરી રોકવા માટે ચલાવવામાં આવી રહેલા MISSION SAFE STATION અભિયાન અંતર્ગત વડોદરા પશ્ચિમ રેલવેની સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) અને NDPS ડેડિકેટેડ ટીમને મોટી સફળતા મળી છે. કાકીનાડા-ભાવનગર એક્સપ્રેસ ટ્રેનમાંથી પોલીસે 36.570 કિલોગ્રામ ગાંજો ઝડપી પાડ્યો છે, તેની બજાર કિંમત આશરે 18.28 થાય છે. મળતી માહિતી મુજબ શુક્રવારે વડોદરા એસ.ઓ.જી. અને એન.ડી. પી.એસ.ની સંયુક્ત ટીમ સુરત રેલવે સ્ટેશનથી ટ્રેન નં.12755 (કાકીનાડા-ભાવનગર એક્સપ્રેસ) માં પેટ્રોલિંગ માટે રવાના થઈ હતી. દરમિયાન બપોરે ટ્રેન જ્યારે કાશીપુરા સરાર રેલવે સ્ટેશન પાસે પહોંચી ત્યારે કોચ નંબર બી-2 ના દરવાજા પાસે બે ટ્રોલી બેગ અને બે બેકપેક શંકાસ્પદ અને બિનવારસી હાલતમાં મળી આવ્યાં હતાં.